# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2562 ❖ માઘ પૂર્ણિમા ❖ 19 ફેબ્રુઆરી 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 11 ❖ સળંગ અંક - 227


## ધમ્મવાણી

सुदस्सं वज्जमञ्ञेसं अत्तनो पन दुद्दसं।
परेसं हि सो वज्जानि ओपुणाति तथाभुसं।
अत्तनो पन छादेति कलिं व कितवा सठो ।।१८।।

અન્યોના દોષ દેખવા સહેલા છે, પોતાના જોવા કઠિન છે. અન્યોના દોષોને તો જાણે ભૂસાની માફક ઉડાડ ઉડાઉડ કરે, પણ પોતાના એવી રીતે ઢાંકી રાખે, જાણે કોઇ બેઇમાન જુગારી પોતાના પાસાને ઢાંકીને રાખે.

-ધમ્મપદ

## નિંદા હોય કે પ્રશંસા

રાજગૃહ મહારાજ બિંબિસાર દ્વારા દાનમાં આપવામાં આવેલા વેણુવનમાં અથવા કોઇ વિહારમાં વર્ષાવાસ વિતાવીને ભગવાન દેશ–પ્રદેશની ધર્મચારિકા માટે નીકળી પડતા હતા. એવા જ અવસરનું એક દશ્ય આપણી સામે છે :

પાંચસો ભિક્ષુઓની સાથે ભગવાન રાજગૃહથી નાલંદા તરફ પદયાત્રા પર નીકળ્યા છે. આ મોટા કાફલાની પાછળ–પાછળ બે પરિવ્રાજક પણ યાત્રા કરી રહ્યા છે. એક છે આચાર્ય સુપ્પિય અને બીજો છે તેમનો અંતેવાસી શિષ્ય માણવક બ્રહ્મદત્ત. આખા રસ્તામાં આ બંનેમાં પરસ્પર વિવાદ ચાલતો રહ્યો.

ગુરુ પરિવ્રાજક સુપ્પિય અનેક પ્રકારે ભગવાનની નિંદા કરતો, તેમના પર મિથ્યા દોષારોપણ કરતોઃ શ્રમણ ગૌતમ સર્વજ્ઞ નથી, અરહંત નથી, લોકોને ખોટે માર્ગે લઇ જનારા છે, વગેરે,વગેરે. ભગવાને શિખવાડેલા ધર્મની પણ અનેક નિંદા કરતો; તેને દોષપૂર્ણ બતાવતો – આ ધર્મ શિક્ષા સારી રીતે સમજાવેલી નથી, મુકિત તરફ લઇ જનારી નથી વગેરે, વગેરે. ભગવાનનો ભિક્ષુસંઘ સુમાર્ગે જનારો નથી, ઋજુમાર્ગે જનારો નથી વગેરે, વગેરે.

આથી વિપરીત તેનો તરુણ શિષ્ય બ્રહ્મદત્ત અનેક પ્રકારે ભગવાનની પ્રશંસા કરતો; ગુણગાન ગાતો; આ ભગવાન અરહંત છે, લોક–વિદુ છે. વગેરે, વગેરે. ભગવાને બતાવેલા ધર્મની અનેક પ્રકારે પ્રશંસા કરતો; ગુણગાન ગાતો. આ સુઆખ્યાત ધર્મ છે, સાંદષ્ટિક છે, આશુફળદાયી છે, મુકિત સુધી લઇ જનાર છે વગેરે, વગેરે. ભગવાનના ભિક્ષુસંઘની અનેક પ્રકારે પ્રશંસા કરતો, ગુણગાન ગાતો – આ ભિક્ષુસંઘ સુમાર્ગે જનારો છે, ઋજુમાર્ગે જનારો છે, શુદ્ધ ચિત્ત છે વગેરે, વગેરે.

ગુરૂ–શિષ્યનો વિવાદ આખા રસ્તે ચાલતો રહ્યો. બંને એકબીજાને પોતપોતાનાં મંતવ્ય સમજાવવાની કોશિશ કરતા રહ્યા, પરંતુ એકમત ના થઇ શકયા.

ગુરૂ સુપ્પિયના મનમાં ભગવાન પ્રત્યે અસીમ કટુતા ભરેલી છે. તેનું મન ઈર્ષા, દ્વેષજન્ય વિકારોથી સળગી રહ્યું છે. ભગવાન બુદ્ધની સર્વત્ર યશકીર્તિ ફેલાયેલી છે. કાશ્યપબંધુઓ સાથે તેમના એક હજાર જટા–જટિલ શિષ્ય જયારથી ભગવાનના અનુગામી બન્યા, ત્યારથી તેમની પ્રતિષ્ઠા દિવસે ન વધે તેટલી રાતે વધવા લાગી. કાશ્યપબંધુઓ લાખો મગધવાસીઓના પૂજય આચાર્ય રહ્યા. આથી તેમના લગભગ બધા અનુયાયી સહજ રીતે જ ભગવાન બુદ્ધના અનુયાયી થઇ ગયા. સ્વયં મગધનરેશ બિંબિસાર ભગવાનનો શ્રાવક–શિષ્ય બની ગયો. તેની શ્રદ્ધા અપરિમિત થઇ ઊઠી, કેમ કે તેને સ્વયં પ્રભૂત ધર્મલાભ થયો. તેના પરિવારના અન્ય અનેક લોકો પણ લાભાન્વિત થયા. સદાચારનું જીવન જીવવું અને મનને રાગ–દ્વેષ, વગેરે વિકારોથી મુકત રાખવાની શિક્ષા તો અન્ય આચાર્ય પણ આપતા હતા, પરંતુ, તેઓની પાસે આ ઉપદેશોને ક્રિયાન્વિત કરવા માટે કોઇ અકસીર ઉપાય ન હતો, કોઇ વૈજ્ઞાનિક વિધિ ન હતી. બહુ–બહુ તો કોઇ કર્મકાંડ કે કોઇ વ્રત–ઉપવાસ અથવા કોઇ દાર્શનિક માન્યતાની જંજાળ સાથે લગાવી દેતા; પણ સુનિયોજિત ઢંગથી મનના ઊંડાણમાં ઊતરીને મૂળ સુધી અંતર્મનના સ્વભાવને બદલવાની કોઇ અસરકારક વિધિ ન આપી શકયા. વિપશ્યનાના રૂપમાં જયારે એવી વિધિ ભગવાન પાસેથી મળી તો કટ્ટરપંથી અંધવિશ્વાસુઓને બાદ કરતાં બાકી સમજદાર બુદ્ધિશાળી લોકો ભગવાન તરફ ખેંચાઇ આવ્યા. આ જ કારણે ભગવાન બુદ્ધની શિક્ષા ઘર–ઘરમાં પ્રવેશ પામવા લાગી. હજારોની સંખ્યામાં લોકો ઘરબાર છોડીને ભગવાનના ભિક્ષુસંઘમાં સમ્મિલિત થઇ ગયા. લાખો લોકો ગૃહસ્થ રહીને સદ્ધર્મના માર્ગ પર ચાલવા લાગ્યા.

મહારાજ બિંબિસારે બુદ્ધ–પ્રમુખ ભિક્ષુસંઘને પોતાનું અત્યંત મનોરમ વેણુવન દાનમાં આપ્યું. તેમનું અનુકરણ કરતાં અન્ય રાજપુરુષ અને સંપન્ન નાગરિકોએ માત્ર એક રાજગૃહનગરમાં જ ભગવાન માટે સત્તર વિહારો બનાવ્યા, જેમાં નિરંતર વિકાસશીલ બહુસંખ્યક ભિક્ષુસંઘ નિવાસ કરી શકે અને ધર્મનિર્દેશન દ્વારા લોકકલ્યાણ કરી શકાય.

સમગ્ર મગધ દેશમાં ભગવાન બુદ્ધ અને તેમના ભિક્ષુસંઘની માન–પ્રતિષ્ઠા વધી તો અન્ય સાંપ્રદાયિક આચાર્યોના લાભ–સત્કારમાં ઓટ આવવા લાગી. ગણાચાર્ય વેલટ્ઠપુત્ર સંજયના

પ્રમુખ શિષ્ય ઉપતિસ્સ (સારિપુત્ત) અને કોલિતે (મોગ્ગલ્લાન) પોતાના આચાર્યને છોડીને ભગવાન બુદ્ધનું શિષ્યત્વ ગ્રહણ કરી લીધું. એનાથી આ આચાર્ય-કુળ લગભગ છિન્નભિન્ન જ થઇ ગયું.

ભગવાન બુદ્ધ દ્વારા કાલ્પનિકતાથી પર સાંપ્રદાયિકતાવિહિન અનુભૂતિજન્ય સત્ય પર આધારિત સત્ય ધર્મનું પ્રકાશન કરવાને લીધે અનેક સંપ્રદાય-સંસ્થાપક, યશસ્વી વયોવૃદ્ધ સંઘી, ગણી, ગણાચાર્યોની જનમાન્યતા ક્ષીણ થવા લાગી. તેમની વાડાબંધી તૂટવા લાગી. સંભવ છે કે પરિવ્રાજક સુપ્પિય તેમનામાંના કોઇ એકનો અનુયાયી રહ્યો હશે અને આ જ કારણે તેના મનમાં ભગવાન બુદ્ધ અને તેમના ભિક્ષુસંઘ પ્રત્યે ઈર્ષાજન્ય કટુતા ભરી હશે.

બીજી બાજુ તેનો અંતેવાસી બ્રહ્મદત્ત અત્યારે યુવાન છે. લાગે છે, કોઇ દાર્શનિક માન્યતા અથવા સંપ્રદાયનું બંધન અત્યારે તેને બાંધી શક્યું નથી. તે ભગવાન બુદ્ધના ઓજસ્વી, તેજસ્વી વ્યકિતત્વથી જ નહિ, પરંતુ તેમના દ્વારા સહજ, સરળ ભાષામાં સમજાવેલા વૈજ્ઞાનિક ધર્મ પ્રત્યે પણ આકર્ષિત થયો છે અને સૌમ્ય, શાંત ભિક્ષુસંઘ પ્રત્યે પણ. તે જુએ છે કે ભગવાન અને તેમનો ભિક્ષુસંઘ જયારે ચાલે છે તો કેવા ધીમા પગલે, શાલીનતાપૂર્વક **ओक्खितचक्खु** નજર નીચી રાખીને ચાલે છે, જયારે કે અન્ય સંપ્રદાયના કેટલાક સંન્યાસી કેવા ઉદ્ધત્તાઈથી હાથ-પગ પછાડતા, આંખો ફાડીને આમતેમ તાકતા-જોતા ચાલે છે. તેમનામાં શાલીનતાનું નામોનિશાન નથી. ભગવાનનો ભિક્ષુ-સંઘ **तुण्हीभावो** એટલે મૌન રહીને ચાલે છે, જયારે આ લોકો ચાલતાં પણ કેટલી વાતો કરે છે ! કેટલા વાચાળ રહે છે ! તેમના મનની બેચેની વાણીમાં પ્રગટ થતી રહે છે. ભગવાનના ભિક્ષુ કેટલી ઓછી અપેક્ષાવાળા છે, અપરિગ્રહી છે, પહેરેલા ચીવર ઉપરાંત માત્ર ભિક્ષાપાત્ર હાથમાં છે, જયારે અન્ય સંપ્રદાયવાદી સંન્યાસી (ભેગું કરવાવાળા) છે. કેટલા વાસણ-કૂસણ, કપડાં-લત્તાં અને ખાવા-પીવાના પદાર્થોનો બોજો ઉપાડીને ચાલે છે.

શિષ્ય માણવક બ્રહ્મદત્ત બુદ્ધ અને ધર્મસંઘના ગુણગાન ગાતાં ધરાતો નથી અને ગુરૂ પરિવ્રાજક સુપ્પિય તેમની નિંદા કરતાં થાકતો નથી. આખા રસ્તે બંનેનો આ વિવાદ ચાલતો રહ્યો. રાજગૃહથી નાલંદા એક યોજન દૂર છે. ચાલતાં-ચાલતાં આ કાફલાએ અડધો રસ્તો કાપી લીધો. મહારાજ બિંબિસારે આ પડાવ પર પોતાના યાત્રા-વિશ્રામ માટે તથા ક્રીડા-કિલ્લોલ માટે એક મોટો રાજ-ઉદ્યાન બનાવી રાખ્યો હતો-ચારે બાજુએ સુદઢ દિવાલોથી ઘેરાયેલો સુરક્ષિત ઉદ્યાન, જેમાં અનેક ફળ-ફૂલવાળાં છાયાદાર વૃક્ષ ઊગેલાં હતાં; છલોછલ ભરાયેલાં કૂવા-વાવડી, તળાવ-સરોવર આવશ્યક પાણીની પૂર્તિ કરતા હતા; બિંબિસાર અને તેમની સાથે આવેલી બૃહદ્ રાજય પરિષદ, રાજ-કર્મચારી તથા સુરક્ષા સૈનિકોને રહેવા માટે અનેક આરામદેહ ભવન બનાવેલા હતા. સમગ્ર રાજયમાં આવા રાજ-વિશ્રાન્તિગૃહ વિવિધ સ્થળોએ બન્યા હશે. તેને રાજાગાર કહેવામાં આવતા હતા. આ રાજાગારના મુખ્ય દ્વાર પર એક તરુણ **अम्बरूक्ख** (આમ્રવૃક્ષ) ઊગ્યું હતું એટલે આનું નામ **अम्बलट्ठिक राजागार** પડયું.

લાગે છે કે શ્રદ્ધાળુ બિંબિસારે સંઘ સહિત ભગવાન બુદ્ધના યાત્રાવિશ્રામ માટે આવા પ્રકારના રાજાગારોમાં રહેવાની સુવિધા પ્રદાન કરી હશે. તેથી જ આપણે જોઇએ છીએ કે દિવસ આથમતાં-આથમતાં ભગવાન અને તેમનો ભિક્ષુસંઘ નાલંદા અને રાજગૃહના અડધા રસ્તા પર બનેલા આ અમ્બલટ્ઠિક રાજાગારમાં રાત્રિવિશ્રામ માટે રોકાયા છે. તેમની પાછળ પાછળ ચાલ્યા આવતા પરિવ્રાજક અને તેના શિષ્યે પણ આ સુવિધાનો લાભ ઉઠાવ્યો અને તેઓ પણ ત્યાં જ રોકાઇ ગયા. ભગવાન અને ભિક્ષુસંઘે પોતાની રાત્રિચર્યા હંમેશની જેમ પૂરી કરી, પરંતુ આ બંને ગુરુ-ચેલા આખી રાત આ જ મુદ્દા પર વાદવિવાદ કરતા રહ્યા. નિત્ય-નિયમાનુસાર રાત્રિના પ્રથમ પ્રહરમાં ભગવાને સ્નાન કરીને કપડાં બદલ્યાં અને બુદ્ધાસન પર બેસીને ભિક્ષુઓની સાથે એક મુહૂર્ત ધ્યાન કર્યું. બધા ભિક્ષુ નિઃશબ્દ મૌન થઇને અધિષ્ઠાનમાં બેઠા. કોઇનો ખાંસવાનો કે ખોંખારવા સુદ્ધાંનો અવાજ નહિ; શરીરમાં સહેજ પણ હલનચલન નહિ. સૌ નિષ્કંપ દીપશિખાની જેમ નિશ્ચલ બેસીને ધ્યાન કરતા રહ્યા. તત્પશ્ચાત્ ભગવાને ઉપદેશ આપ્યો; ધ્યાનની વિધિ પર થોડો પ્રકાશ પાડયો; જે ભિક્ષુઓના પ્રશ્ન હતા, તેમના ઉત્તર આપ્યા; જેમને કોઇ મૂંઝવણ હતી, તેઓનું સમાધાન કર્યું. કોઇ-કોઇને વિપશ્યના વિધિની અધિક ઊંડાણપૂર્વક સમજણ આપી. આમ રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો. બધા ભિક્ષુ વિશ્રામ કરવા ચાલ્યા ગયા.

ભગવાન હવે બીજા પ્રહરની ચર્ચામાં લાગી ગયા. હંમેશ મુજબ આ વચલા પ્રહરમાં વિભિન્ન લોકોમાંથી આવેલા દેવ-બ્રહ્માઓના પ્રશ્નોના ઉત્તર આપતા રહ્યા; તેમને ધર્મ-દેશના આપતા રહ્યા; ધ્યાન શિખવાડતા રહ્યા. આમ રાત્રિનો બીજો પ્રહર પણ વીત્યો.

હંમેશ મુજબ ભગવાને રાત્રિના ત્રીજા પ્રહરનું ત્રણ ભાગમાં વિભાજન કર્યું. પહેલા ભાગમાં થોડીવાર બહાર ખુલ્લામાં ચંક્રમણ કરતા રહ્યા, સજગ રહીને ચાલતા રહ્યા; બીજા ભાગમાં પોતાના શયનકક્ષમાં જમણે પડખે સિંહ શય્યામાં સૂઇને સ્મૃતિ-સંપ્રજ્ઞાન **सति-सम्पजञ्ञ** ની સાથે વિશ્રામ કર્યો અને ત્રીજા ભાગમાં બેસીને મૈત્રી ધ્યાન ભાવના કરીને કરુણ ચિત્તથી સમસ્ત લોકોનું અવલોકન કર્યું. કયાં-કયાં કયા-કયા પ્રાણી પોતાના પૂર્વકૃત કુશળ કર્મોને કારણે હવે મુકત અવસ્થા પ્રાપ્ત કરવા યોગ્ય છે અને તેને કયાં, કેવી રીતે માર્ગદર્શન આપી શકાય - આ પ્રકારે રાત્રિનો તૃતીય પ્રહર પણ પૂરો થયો.

આમ ત્રણે પ્રહરની નિર્ધારિત રાત્રિ-ચર્યા પૂરી કરીને ભગવાન મૈત્રીભાવનાના ધ્યાનમાંથી ઊઠીને બહાર આવ્યા, તો જોયું કે સૂર્યોદયના પૂર્વાભાસનો સંદેશ લઇને ઉષા આકાશમાં લાલિમા ફેલાવી રહી છે; પ્રભાતના આ સુંદર સમયમાં કેટલાક ભિક્ષુઓ બહાર ખુલ્લામાં મંડપની નીચે બેઠા છે; કંઇક વાતો ચાલી રહી છે. ભગવાન તેમની સમીપ ગયા. સૌએ નમીને નમસ્કાર કર્યો ભગવાન એક બિછાવેલા આસન પર બેસી ગયા અને ભિક્ષુઓને પૂછયું, ''શું વાતચીત ચાલતી હતી ?''

ભિક્ષુઓએ ઉત્તર આપ્યો, ''ભગવાન ક્ષમા કરો. થોડો

સમય તો ધર્મચર્ચા ચાલી, પણ તેના પછી લોક-ચર્ચામાં લાગી ગયા. ભંતેભગવાન ! જયારે નાલંદાથી નીકળ્યા હતા ત્યારે પરિવ્રાજક સુપ્પિય અને તેનો અંતેવાસી માણવક બ્રહ્મદત્ત બંને અમારી પાછળ-પાછળ આવતા હતા. સમગ્ર રસ્તે તેમનો વિવાદ ચાલતો રહ્યો. એક બુદ્ધ, ધર્મ અને સંઘની ખૂબ પ્રશંસા કરતો અને બીજો તેમની તેમની તીવ્ર નિંદા. જયારે અમે આપની સાથે રાજાગાર માં રાત્રિવિશ્રામ માટે રોકાયા ત્યારે તેઓ પણ અહીં રોકાઇ ગયા. અમે જોયું કે રાત્રે પણ તેઓએ વિશ્રામ ના કર્યો. આખી રાત આ જ વિવાદમાં ફસાયેલા રહ્યા.''

આ પરથી ભગવાને ભિક્ષુઓને કહ્યું, ''ભિક્ષુઓ, કોઇ જયારે તમારી નિંદા કરે તો ન તમારે કુપિત-ક્રોધિત થવું જોઇએ, ન દુઃખી-દુર્મન. શાંતચિત્તથી સ્વયં પોતાનું જોઇ લેવું જોઇએ કે કયાંક સાચેસાચ આપણામાં આવો દોષ તો નથી ? નથી તો આપણે નિર્દોષ છીએ, આ તથ્યનો સ્વીકાર કરી લેવો જોઇએ. નિંદા સાંભળીને કુપિત થઇશું દુર્મન-દુઃખી થઇશું; તો પોતાની જ હાનિ કરી લઇશું; પોતાની જ પ્રગતિ માં અંતરાય ઊભા કરી લઇશું.

''આ જ પ્રકારે કોઇ તમારી પ્રશંસા કરે તો તેને સાંભળીને આનંદિત ન થવા લાગો; હર્ષોત્ફુલ્લિત ન થવા લાગો. શાંત ચિત્તથી સ્વયં પોતાનું પરીક્ષણ કરીને જોઇ લેવું જોઇએ કે આપણામાં સાચેસાચ આવો સદ્ગુણ છે ? અથવા આ વ્યકિત અતિશયોક્તિ કરી રહ્યો છે ? જો સદ્ગુણ હોય તો માત્ર સ્વીકાર કરી લેવો જોઇએ. જો આનંદ અને હર્ષથી ફુલાઇ જશો, તો પોતાની જ હાનિ કરી બેસશો. પોતાની જ પ્રગતિ માં અંતરાય ઊભો કરી લેશો.''

આવો ! ભગવાનની આ ધર્મવાણીને વિસ્તારથી સમજીએ અને તેને ધારણ કરી પોતાનું હિતસુખ સાધી લઇએ.

**રાગ અને દ્વેષ :-**

ભગવાને બતાવેલી સાધનાવિધિના સાધક હોવાને લીધે આપણે બરાબર સમજવા લાગ્યા છીએ કે શબ્દ છે. નિંદા હોય કે પ્રશંસા, માત્ર તરંગો જ તો છે. પરંતુ નિંદાના શબ્દો જયારે આપણા કાનમાં સ્પર્શ કરે છે. ત્યારે પોતાના જૂના સંસ્કારોથી પ્રભાવિત થયેલી સંજ્ઞા તેનું અધોમૂલ્યન કરે છે. અને આ શબ્દોને ખરાબ માની લેવાને કારણે શરીરમાં અપ્રિય, દુઃખદ સંવેદના ઉત્પન્ન થાય છે. તેના પરિણામ સ્વરૂપ અજ્ઞાન અવસ્થામાં આપણા મનનો એક ભાગ દુર્મન થઇ ઊઠે છે; દ્વેષ, ક્રોધ, કોપની પ્રતિક્રિયા કરવા લાગે છે.

આ જ પ્રમાણે જયારે પ્રશંસાના શબ્દો આપણા કાનોને સ્પર્શ કરે છે. ત્યારે આ સંજ્ઞા તેનું ઊર્દ્વ મૂલ્યાંકન કરે છે અને તે શબ્દોને સારા માની લેવાથી શરીરમાં સુખદ સંવેદના ઉત્પન્ન થાય છે. તેના પરિણામ-સ્વરૂપે અજ્ઞાન અવસ્થામાં આપણા માનસનો એક ભાગ પ્રફુલ્લિત થઇ ઊઠે છે અને રાગ, લોભ, આસક્તિની પ્રતિક્રિયા કરવા લાગે છે.

પ્રતિક્રિયા ભલે દ્વેષની કરીએ કે રાગની, આપણું ચિત્ત દૂષિત કર્મસંસ્કારના ધૂમાડાથી આચ્છાદિત થઇ ઊઠે છે. તે સત્યને યથાભૂત નથી જોઇ શકતું; અવિદ્યાથી અભિભૂત થઇ જાય છે; પોતાની સમતા ખોઇ બેસે છે અને વિકાર પર વિકાર જાગતા જ જાય છે; આપણી વિપશ્યના છૂટી જાય છે; રાગદ્વેષથી મુકત થવાના કામમાં અંતરાય, અવરોધ ઉત્પન્ન થઇ જાય છે. પાંચ નિવરણોમાંના આ બંને પ્રમુખ છે. આથી એમના રહેવાથી સમાધિ અવસ્થા પણ નથી પ્રાપ્ત થઇ શકતી; પ્રજ્ઞા જગાવીને રાગવિહીન, દ્વેષવિહીન થઇ શકવું તો દૂર રહ્યું. નિંદા અથવા પ્રશંસા સાંભળીને રાગ કે દ્વેષ જગાવીએ છીએ, ત્યારે આપણે, બીજાઓની હાનિ કરીએ કે ન કરીએ, પોતાની હાનિ તો અવશ્ય કરીએ છીએ; પોતાની પ્રગતિમાં અવશ્ય અવરોધ પેદા કરીએ છીએ.

આથી આને બરાબર સમજીને આપણે એનાથી બચીએ અને ધર્મમાર્ગ પર પ્રગતિશીલ બની રહીએ અને પોતાનું મંગલ સાધતા રહીએ. **-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**''જાગે પાવન પ્રેરણા'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મકોટ - એક દિવસીય શિબિર

**તારીખ : ૨૪-૦૩-૨૦૧૯, રવિવાર**

**સમય :** સવારે ૯-૦૦ થી સાંજે ૫-૦૦

**નોંધ :** કેન્દ્ર ઉપર જવા-આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે.

બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.

**રૂટ :-** ૭.૩૦ કલાકે - રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે - રૈયા ટેલિકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે - કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે - બીગ બઝાર, ૭.૫૦ કલાકે - નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે - મવડી ચોકડી, ૮.૦૦ કલાકે - ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક : સિટી ઓફિસ**

**મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩** (નામ રજિસ્ટ્રેશન કરાવવા)

## ધમ્મપાલિ - જૂના સાધકો માટે સંમેલન

સાધકો માટે સાધના તેમજ ધર્મસેવા માટે ખૂબજ લાભદાયી તથા પ્રેરણાદાયી સંમેલનનું આયોજન ધમ્મપાલિ કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે, જેમાં જૂના સાધકો સાથે સામૂહિક સાધના, વરિષ્ઠ શિક્ષકોનું સાધના તથા ધર્મસેવા સબંધી માર્ગદર્શન તથા ધ્યાનચર્ચાનો સુવર્ણ અવસર જેનો હરકોઇ સાધક ભાઇ-બહેનોએ લાભ લેવા નિવેદન છે.

**તારીખ** : ૨૩ માર્ચ ૨૦૧૯, સવારે : ૯-૦૦ થી
૨૪ માર્ચ ૨૦૧૯, સાંજે : ૫-૦૦ વાગ્યા સુધી

**સ્થળ** : ધમ્મપાલિ કેન્દ્ર, સોનગઢ-પાલિતાણા રોડ, ગામ : ટોડી, જિ. ભાવનગર.

**સંપર્ક** : **મો.: ૯૭૧૪૯૧૦૯૧૩, ૯૭૧૪૯૧૧૯૧૩**
**મો.: ૮૮૬૬૭૧૩૬૩૬**

**વિપશ્યના ધ્યાનનું પ્રથમ ચરણ ''આનાપાન ધ્યાન''**
**શીખવા માટે તેમ જ વિપશ્યના વિશે વિશેષ માહિતી મેળવવા માટે**
**JOIN OUR WHATSAPP BROADCAST**
TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on **94262 02222**

વિપશ્યના પરિચય તેમ જ સૌરાષ્ટ્રના કેન્દ્રોની માહિતી માટે ગૂગલ પ્લે સ્ટોર પર
ANDROID APP ON Google play
**''એન્ડ્રોઇડ એપ્લીકેશન''** ઉપલબ્ધ છે.
**VIPASSANA DHAMMAKOT**

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, M : 78 78 72 72 40, M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

13-03 to 24-03
03-04 to 14-04
17-04 to 28-04
01-05 to 12-05
15-05 to 26-05

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
03-09 to 11-9-19

**10 Day Spl.**
01-09 to 12-09-19

**3 DAYS**
28-03 to 31-03-19
03-10 to 06-10-19

**1 DAY**
24-03-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536.
E-mail : info@ambika.dhamma.org

27-03 to 07-04-19
15-05 to 26-05-19
27-05 to 07-06-19
08-06 to 19-06-19
26-06 to 07-07-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
12-03 to 20-03-19

**10 Days Spl.**
10-03 to 21-03-19

**3 DAYS**
11-04 to 14-04-19

**Teen.Girl**
17-04 to 25-04-19

**Teen.Boys**
27-04 to 05-05-19

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કિટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575, M : 99745 75660
E-mail : info@sindhu.dhamma.org

08-04 to 19-04-19
21-04 to 02-05-19
05-05 to 16-05-19
02-06 to 13-06-19
16-06 to 27-06-19
03-07 to 14-07-19
17-07 to 28-07-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
10-04 to 18-04-19

**20 DAYS**
05-03 to 26-03-19

**30 DAYS**
05-03 to 05-04-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690, M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

06-03 to 17-03-19
20-03 to 31-03-19
03-04 to 14-04-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઇ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

**10-days**
07-05 to 18-05-19
16-07 to 27-07-19

**3-DAYS**
22-03 to 26-03-19

**1-DAY**
21-04-2019

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345 M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

13-03 to 24-03-19
27-03 to 07-04-19
10-04 to 21-04-19
24-04 to 05-05-19
08-05 to 19-05-19
22-05 to 02-06-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
01-03 to 09-03-19

**1 Day Spl.**
**Guru Purnima**
16-07-2019

**Teen.Girl**
12-11 to 20-11-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066, M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

06-03 to 17-03
27-03 to 07-04
17-04 to 28-04
01-05 to 12-05
15-05 to 26-05
29-05 to 09-05

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
15-06 to 23-06-19

**1 DAYS**
03-03-2019
07-04-2019
05-05-2019
02-06-2019

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

### દોહા ધરમના

ભૂલા સચ્ચે ધરમ કો, ભૂલ ગયા ઈમાન ।
ભૂલ ગયા ઈંસાન હૂં, બન બૈઠા હૈવાન ।।
વહ ના સચ્ચા ધરમ હૈ, ના સચ્ચા ઈમાન ।
જિસસે મન કે પ્યાર કો, ખો બૈઠે ઈંસાન ।।
યહ સંતોં કી ભૂમિ હૈ, સદ્‌ગુરુઓં કા દેશ ।
ઈસકે કણ કણ મેં ભરા, કરુણા કા સંદેશ ।।

### દોહા ધરમના

ધરમ જગે ફિર મનુજ મેં, બને મનુજ ભગવાન ।
સેવા કરુણા પ્યાર સે, ધન્ય હોય ઈંસાન ।।
નિર્ભયતા નિર્બૈરતા, સચ્ચા ધર્મ અકાલ ।
જાગો સચ્ચે ધર્મ મેં, જાગે સોહિ નિહાલ ।।
ઘર ઘર મેં સબકે જગે, સત્ય ધર્મ કી લોચ ।
ચિત્ત નિખાલિસ શુદ્ધ હો, તભી ખાલસા હોય ।।

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 19 ફેબ્રુઆરી 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**

**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org